રજુ તા. ૧૫–૧૨–૨૦૧૭
દાખલ તા. ૧૫–૧૨–૨૦૧૭
ફેંસલ તા. ૧૯–૦૯–૨૦૨૪
સમયગાળોઃ

| વર્ષ | માસ | દિવસ |
|---|---|---|
| ૦૬ | ૦૯ | ૦૪ |

# FORM-A

**અમદાવાદ શહેરના મે. અધિક સત્ર ન્યાયાધિશ સાહેબશ્રીની અદાલતમાં,**
**કોર્ટ નં.૭, અમદાવાદ શહેર, મુ.અમદાવાદ.**

જે.એમ.બ્રહ્મભટ્ટ, અધિક સત્ર ન્યાયાધિશ કોર્ટ નં.૭,
સિટિ સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

**(ચુકાદાની તા.૧૯–૦૯–૨૦૨૪)**

**સેશન્સ કેસ નં. ૫૪૧/૨૦૧૭.**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશનઃ–** | શહેરકોટડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર ફ.ગુના.રજી.નં.૧૨૦/૨૦૧૭. |
| **ગુન્હોઃ–** | ભારતીય દંડ સંહિતા કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૨૬, તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય દંડ સંહિતા કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૨૬, ૩૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ. |
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર(સ્ટેટ ઑફ ગુજરાત)<br>**(મૂળ ફરિયાદીઃ– કમલેશ મોહનભાઈ તીરગર**<br>રહે. ૨૧, કાન્તીલાલ કાપડીયાની ચાલી, રમેશભાઈ જાદવના મકાનમાં, અનિલ સ્ટાર્ચ મીલ સામે, બાપુનગર, અમદાવાદ. |
| **વિ.એપીપીશ્રીઃ–** | શ્રી જી.પી.દવે |
| **આરોપીઃ–** | **(૧)ઉમેશ ઉર્ફે ઉત્સવ વિષ્ણુભાઈ પરમાર**<br>રહે.કુબેરદાસ મોદીની જુની ચાલી, સૈજપુર, અમદાવાદ.<br>~~(૨) જયેશ ઉર્ફે જીગો વિષ્ણુભાઈ પરમાર~~ – **એબેટ**<br>(***મરણ ગયેલ હોય એબેટ કરેલ છે.***) |

| | |
|---|---|
| | **(૩) રંજનબેન પ્રેમજીભાઈ કચરાભાઈ પરમાર**<br>રહે. ૪૦૭, મુખ્યમંત્રી આવાસા યોજના, વસ્ત્રાલ, શિવાલય પાર્ક પાછળ, અમદાવાદ.<br>**(૪) પંકજ રાજુભાઈ પરમાર**<br>રહે. બ્લોક નં.૮૧, પહેલા માળે, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ.<br>**(૫) તુલસીભાઈ કરસનભાઈ રાઠોડ**<br>રહે. ૯૧, મેઘધારા સોસાયટી, રામીની ચાલી સામે, રખિયાલ, અમદાવાદ.<br>**(૬) નરેશભાઈ કાન્તીભાઈ પરમાર**<br>રહે. દલસુખ માળીની ચાલી સામે, પહેલી લાઈન ફદેલી સૈજપુર બોઘા, અમદાવાદ.<br>**(૭) રંજનબેન રાજુભાઈ ખેમાભાઈ પરમાર**<br>રહે. બ્લોક નં.૮૧, પહેલા માળે, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ. |
| **આરોપી તરફે વિ.વ.શ્રીઃ–** | શ્રી આનંદ બ્રહ્મભટ્ટ |

## FORM-B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૧૭–૦૬–૨૦૧૭ |
| **ગુનો જાહેર કર્યાની તારીખઃ–** | તા.૧૮–૦૬–૨૦૧૭ |
| **ફરિયાદની તારીખઃ–** | તા.૧૮–૦૬–૨૦૧૭ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૧૧–૦૯–૨૦૧૭ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | તા.૦૪–૧૦–૨૦૧૮ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૦૩–૧૧–૨૦૧૮ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | તા.૨૯–૦૮–૨૦૨૪ |
| **ચુકાદાની તારીખઃ–** | તા.૧૯–૦૯–૨૦૨૪ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો,** | – – – – – – – – |

**<u>આરોપીની વિગતઃ–</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | ક્યા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | **કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.** |
| ૦૧ | ઉમેશ ઉર્ફે ઉત્સવ વિષ્ણુભાઈ પરમાર | ૧૮–૦૬–૧૭ | | ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૨૬, ૩૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | | જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. |
| ૦૩ | રંજનબેન પ્રેમજીભાઈ કચરાભાઈ પરમાર | ૧૮–૦૬–૧૭ | ૨૦–૦૭–૧૭ | – ઉપર મુજબ – | | | મહીના–૦૧ દિવસ–૦૨ |
| ૦૪ | પંકજ રાજુભાઈ પરમાર | ૧૮–૦૬–૧૭ | ૦૯–૦૮–૧૭ | – ઉપર મુજબ – | | | મહીના–૦૧ દિવસ–૨૨ |
| ૦૫ | તુલસીભાઈ કરસનભાઈ રાઠોડ | ૧૮–૦૬–૧૭ | ૦૯–૦૮–૧૭ | – ઉપર મુજબ – | | | મહીના–૦૧ દિવસ–૨૨ |
| ૦૬ | નરેશભાઈ કાન્તીભાઈ પરમાર | ૧૮–૦૬–૧૭ | ૦૯–૦૮–૧૭ | – ઉપર મુજબ – | | | મહીના–૦૧ દિવસ–૨૨ |
| ૦૭ | રંજનબેન રાજુભાઈ ખેમાભાઈ પરમાર | ૨૪–૦૬–૧૭ | ૨૦–૦૭–૧૭ | – ઉપર મુજબ – | | | દિવસ–૨૭ |

## FORM-C
## <u>ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

## (એ) ફરિયાદપક્ષ તરફે

**<u>ફરિયાદપક્ષના મૌખિક પુરાવા</u>**

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ડો.સુરેશ કાંતીલાલ ઝવેરી | પી.એમ.કરનાર મેડીકલ ઓફિસર | ૧૪ |
| ૨. | નરેન રજનીકાંત પરમાર | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ | ૨૧ |
| ૩. | ચેતન રમેશભાઈ પટણી | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ | ૨૩ |
| ૪. | દિવ્યાંગ સુર્યકાન્ત ગોહેલ | ગુનાવાળી જગ્યાના પંચ | ૨૪ |

| | | | |
|---|---|---|---|
| ૫. | ચંદ્રકાન્ત રમણલાલ સોલંકી | ગુનાવાળી જગ્યાના પંચ | ૨૭ |
| ૬. | ઋતુલ રાજેશભાઈ પરમાર | કપડા અને બ્લડ કબજે લીધાના પંચ | ૩૧ |
| ૭. | ધવલ વિષ્ણુભાઈ તપોધન | કપડા અને બ્લડ કબજે લીધાના પંચ | ૩૫ |
| ૮. | વિશાલ રમેશભાઈ કુચારા | આરોપીઓના કપડા કબજે લીધાના પંચ | ૩૬ |
| ૯. | વિજય ચીમનભાઈ પટેલ | આરોપીઓના કપડા કબજે લીધાના પંચ | ૪૧ |
| ૧૦. | દર્શન પુનમભાઈ જાદવ | મેડીકલ નમુના કબજે લીધાના પંચ | ૪૨ |
| ૧૧. | કેતન ગણપતભાઈ પરમાર | મેડીકલ નમુના કબજે લીધાના પંચ | ૪૪ |
| ૧૨. | જયેશભાઈ મગનભાઈ સોલંકી | ડીસ્કવરી પંચનામાના પંચ | ૪૫ |
| ૧૩. | પ્રવિણ મફતલાલ પટણી | ડીસ્કવરી પંચનામાના પંચ | ૪૮ |
| ૧૪. | હસમુખ અમૃતભાઈ ઉચારા | અક્ષયભાઈના કપડા કબજે લીધાના પંચ | ૫૦ |
| ૧૫. | સુમીત પુનમચંદ જાદવ | અક્ષયભાઈના કપડા કબજે લીધાના પંચ | ૫૨ |
| ૧૬. | વિનોદ હીરાભાઈ મકવાણા | રંજનબેનના કપડા કબજે લીધાના પંચ | ૬૩ |
| ૧૭. | રાહુલ કાન્તીલાલ પરમાર | રંજનબેનના કપડા કબજે લીધાના પંચ | ૬૬ |
| ૧૮. | હેમંત રમણભાઈ સોલંકી | હાર્ડડીસ્ક કબજે લીધાના પંચ | ૬૮ |
| ૧૯. | જયેશ હરચંદજી ઠાકોર | ફોટોગ્રાફ કબજે લીધાના પંચ | ૭૧ |
| ૨૦. | લાભુજી રમણજી ઠાકોર | ફોટોગ્રાફ કબજે લીધાના પંચ | ૭૩ |
| ૨૧. | રાજેશ બબાભાઈ પરમાર | બ્લડ સેમ્પલ કબજે લીધાના પંચ | ૭૪ |
| ૨૨. | દિલીપ ખેંગારભાઈ રાઠોડ | બ્લડ સેમ્પલ કબજે લીધાના પંચ | ૭૬ |
| ૨૩. | મહેન્દ્ર જીવણભાઈ રાઠોડ | હાર્ડડીસ્ક કબજે લીધાના પંચ | ૭૭ |
| ૨૪. | હિરેન મહેન્દ્રભાઈ પરમાર | બ્લડ સેમ્પલ કબજે લીધાના પંચ | ૭૮ |
| ૨૫. | મનોજ ગોવિંદભાઈ પટણી | બ્લડ સેમ્પલ કબજે લીધાના પંચ | ૮૦ |
| ૨૬. | કમલેશ મોહનભાઈ તીરગર | ફરિયાદી | ૮૫ |
| ૨૭. | અક્ષય નગીનભાઈ જાદવ | ઈજા પામનાર સાહેદ | ૮૮ |
| ૨૮. | દિનેશસિંહ કેસરીસિંહ ઝાલા | સાહેદ | ૮૯ |
| ૨૯. | રાકેશ સરદારસિંહ ડામોર | ફરિયાદ લેનાર પોલીસ સાહેદ | ૧૧૧ |
| ૩૦. | સતીષ મણીલાલ ચૌધરી | તપાસ કરનાર અધિકારી | ૧૨૨ |
| ૩૧. | ડો.હેતલ ચીનુભાઈ પટેલ | મેડીકલ ઓફિસર | ૧૫૪ |
| ૩૨. | રશ્મીકાંત બાબુલાલ મજમુદાર | સાયન્ટીક ઓફિસર | ૧૫૬ |
| ૩૩. | ધર્મેન્દ્ર ગોવિંદલાલ શાહ | સાયન્ટીક ઓફિસર | ૧૫૭ |
| ૩૪. | ભાવીન જેરામભાઈ સતવારા | એફ.એસ.એલ.ના ફોટોગ્રાફર | ૧૬૪ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પી.એમ.નોટ | ૯૧ |
| ૨. | ઈન્કવેસ્ટ પંચનમુ | ૨૨ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૨૫ |
| ૪. | પંચસ્લીપો | ૨૬ |
| ૫. | કપડા કબજે લીધાનું પંચનામુ | ૩૨ |
| ૬. | પંચસ્લીપ | ૩૩ |
| ૭. | આરોપીના કપડા કબજે લીધાના પંચનામુ | ૩૭ |
| ૮. | મેડીકલ નમુના કબજે લીધાનું પંચનામુ | ૪૩ |
| ૯. | મુદ્દામાલ ડીસ્કવર કર્યાનું પંચનામુ | ૪૬ |
| ૧૦. | પંચસ્લીપ | ૪૭ |
| ૧૧. | અક્ષયભાઈના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૫૧ |
| ૧૨. | રંજનબેન રાજુભાઈના કપડા કબજે લીધાનુ પંચનામુ | ૬૪ |
| ૧૩. | પંચસ્લીપ | ૬૫ |
| ૧૪. | હાર્ડડીસ્ક કબજે  કર્યાનું પંચનામુ | ૬૯ |
| ૧૫. | પંચસ્લીપ | ૭૦ |
| ૧૬. | ફોટોગ્રાફ્સ કબજે લીધાનું પંચનામુ | ૭૨ |
| ૧૭. | બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૭૫ |
| ૧૮. | બ્લડ સેમ્પલ કબજે લીધાનુ પંચનામુ | ૭૯ |
| ૧૯. | ફરિયાદ | ૮૬ |
| ૨૦. | ચાર્જ અમલદારનો રીપોર્ટ | ૧૧૨ |
| ૨૧. | એફ.એસ.એલ. અધિકારીને લખેલ પત્ર | ૧૨૩ |

| | | |
|---|---|---|
| ૨૨. | એફ.એસ.એલ. અધિકારીનો અહેવાલ અને પત્ર | ૧૨૪ |
| ૨૩. | રવાનગી પત્ર | ૧૨૫ |
| ૨૪. | પહોંચ | ૧૨૬ |
| ૨૫. | રવાનગી પત્ર | ૧૨૭ |
| ૨૬. | પહોંચ | ૧૨૮ |
| ૨૭. | અક્ષયભાઈનું મેડીકલ પ્રમાણપત્ર | ૧૨૯ |
| ૨૮. | સુનિલ ગોહીલનું ઈન્જરી પ્રમાણપત્ર | ૧૩૦ |
| ૨૯. | ફોરવડીંગ લેટર | ૧૩૧ |
| ૩૦. | મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ | ૧૩૨ |
| ૩૧. | ડીવીડી સાથે એફ.એસ.એલ.નો અહેવાલ | ૧૩૩ |
| ૩૨. | એફ.એસ.એલ. અધિકારીનો અહેવાલ | ૧૫૮ |
| ૩૩. | પ્રમાણપત્ર | ૧૫૯ |
| ૩૪. | ડીવીડીઆર | ૧૬૦ |
| ૩૫. | ફોટોગ્રાફીનો અહેવાલ | ૧૬૫ |

## બચાવપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧. | લીસ્ટ | ૧૩૪ |
| ૨. | પોલીસ તપાસના કાગળોનુ સાંકળીયુ | ૧૩૫ |
| ૩. | સાંકળીયાના અનુ.નં.૪૮ | ૧૩૭ |
| ૪. | વર્ધીનો ઉતારો | ૧૩૮ |
| ૫. | મરનારના ભાઈની એફીડેવીટ | ૧૫૧ |
| ૬. | રંજનબેન પરમારનું સારવાર સર્ટીફીકેટ | ૧૫૨ |

## કોર્ટ તરફે અંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## <u>મુદ્દામાલની વિગત</u>

| અ.નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| | મુ.પા.નં. | |

| | | |
|---|---|---|
| | **૨૦૦/૧૭** | |
| ૧. | ૧) | કોટન થ્રેડ–૧ માર્ક–એ |
| ૨. | ૨) | કોટન થ્રેડ–૧ માર્ક–બી |
| ૩. | ૩) | કોટન થ્રેડ–૧ માર્ક–સી |
| ૪. | ૪) | કન્ટ્રોલ કોટન–૧ માર્ક–ડી |
| ૫. | ૫) | બ્લુ કલરની સ્પ્લેન્ડર મોટર સાઈકલ આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં.જીજે ૧ એલએક્સ ૬૭૨૩ માર્ક–ઈ |
| ૬. | ૬) | કાળા કલરની સ્પ્લેન્ડર મોટર સાયકલ આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં.જીજે ૨૭ ક્યુ ૨૮૬૯ માર્ક–એફ |
| ૭. | ૭) | હીરો મેસ્ટ્રો મોપેડ આર.ટી.ઓ. નં.જીજે ૦૧ એસએ માર્ક–જી |
| | **મુ.પા.નં. ૨૦૧/૧૭** | |
| ૮. | ૧) | સફેદ કલરનો આખી બાંયનો શર્ટ માર્ક–એચ |
| ૯. | ૨) | સફેદ કલરની સેન્ડો બનીયન જેની પર લોહીના ડાઘ છે માર્ક–આઈ |
| ૧૦. | ૩) | કાળા કલરનું જુના જેવું પેન્ટ માર્ક–જે |
| ૧૧. | ૪) | જુનો મેલા જેવો ઈલાસ્ટીકવાળો જાંગીયો માર્ક–કે |
| ૧૨. | ૫) | ચિરાગ બ્લડ કાચની બોટલ માર્ક–એલ |
| | **મુ.પા.નં. ૨૦૨/૧૭** | |
| ૧૩. | ૧) | કાલા ગુલાબી રંગનું આખી બાંયની શર્ટ માર્ક–એમ |
| ૧૪. | ૨) | કાળા રંગનું જીન્સ પેન્ટ માર્ક–એન |
| ૧૫. | ૩) | સેમસંગ જે/૭ ગોલ્ડન કલરનો મોબાઈલ ફોન માર્ક–ઓ |
| ૧૬. | ૪) | કોફી રંગનું આખી બાંયનું શર્ટ માર્ક–પી |
| ૧૭. | ૫) | સીલેટીયા કલરનું સફેદ લાલ લાઈનીંગવાળુ અડધી બાંયનું ટીશર્ટ માર્ક–ક્યુ |
| ૧૮. | ૬) | બ્લ્યુ કલરનું જીન્સ પેન્ટ માર્ક–આર |
| ૧૯. | ૭) | સેમસંગ સીલ્વર કલરનો જે/૭ મોબાઈલ ફોન માર્ક–એસ |
| ૨૦. | ૮) | કાળા રંગની ગોળ ગળાની અડધી બાંયની ટીશર્ટ માર્ક–ટી |
| ૨૧. | ૯) | બ્લ્યુ રંગનું જીન્સ પેન્ટ માર્ક–યુ |
| ૨૨. | ૧૦) | લીનોવા સફેદ એ/૬ નોટ મોબાઈલ ફોન માર્ક–વી |

| | | |
|---|---|---|
| ૨૩. | ૧૧) | નોકીયા કાળા રંગનો ૧૧૮૭ મોબાઈલ માર્ક–ડબલ્યુ |
| ૨૪. | ૧૨) | બ્લ્યુ ગોલ્ડન ચેક્સવળુ આખી બાંયનું શર્ટ માર્ક–એક્સ |
| ૨૫. | ૧૩) | આછા બ્લ્યુ સફેદ કલરનું જીન્સ પેન્ટ માર્ક–વાય |
| ૨૬. | ૧૪) | સેમસંગ કાળા કલરનો મોબાઈલ ફોન માર્ક–ઝેડ |
| | **મુ.પા.નં. ૨૦૩/૧૭** | |
| ૨૭. | ૧) | કાચની શીશી જયેશ બ્લડ માર્ક–એ/૧ |
| ૨૮. | ૨) | કાચની શીશી ઉમેશ બ્લડ માર્ક–એ/૨ |
| ૨૯. | ૩) | કાચની શીશી નરેશનું બ્લડ માર્ક–એ/૩ |
| ૩૦. | ૪) | કાચની શીશી તુલસીભાઈનું બ્લડ માર્ક–એ/૪ |
| ૩૧. | ૫) | કાચની શીશી પંકજનું બ્લડ માર્ક–એ/૫ |
| ૩૨. | ૬) | કાચની શીશી રંજનબેનનું બ્લડ માર્ક–એ/૬ |
| | **મુ.પા.નં. ૨૦૪/૧૭** | |
| ૩૩. | ૧) | સફેદ ધાતુના મુઠવાળી લોખંડની કાટવાળી કટાર જેના પર લોહી જેવા ડાઘ છે માર્ક–એ/૭ |
| | **મુ.પા.નં. ૨૦૫/૧૭** | |
| ૩૪. | ૧) | વાદળી લાલ કલરની ચોકડીવાળો આખી બાંયનો શર્ટ માર્ક–એ/૮ |
| ૩૫. | ૨) | સફેદ કલરની અડધી બાંયની બનીયન માર્ક–એ/૯ |
| | **મુ.પા.નં. ૨૦૭/૧૭** | |
| ૩૬. | ૧) | કાળા કલરની સીલ્વર ધાતુની પ્લેટવાળી હાર્ડડીસ્ક માર્ક–એ/૧૦ |
| | **મુ.પા.નં. ૨૧૨/૧૭** | |
| ૩૭. | ૧) | આરોપી ઉમેશના જુદા જુદા એંગલથી લીધેલ પાંચ નંગ ફોટોગ્રાફ્સ માર્ક–એ/૧૧ |
| | **મુ.પા.નં. ૨૧૩/૧૭** | |
| ૩૮. | ૧) | લાલ, પીળા, લીલા કલરનું ડીઝાઈન ટપકીવાળી સાડી માર્ક– |

| | | |
|---|---|---|
| | | એ/૧૨ |
| | **મુ.પા.નં. ૨૧૪/૧૭** | |
| ૩૯. | ૧) | કાચની શીશી રંજનબેનનું બ્લડ માર્ક–એ/૧૩ |
| | **મુ.પા.નં. ૨૨૩/૧૭** | |
| ૪૦. | ૧) | કાચની શીશી સુનીલનું બ્લડ માર્ક–એ/૧૪ |
| ૪૧. | ૨) | કાચની શીશી માર્ક–એ/૧૫ |

## – ચુકાદો –

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી કમલેશભાઈ મોહનભાઈ તીરગરને સૈજપુર ફદેલી કુબેરદાસ મોદીની ચાલીમાં રહેતી નયનાબેન વિષ્ણુભાઈ પરમાર સાથે પ્રેમસંબંધ હોય તેની જાણ તેણીના ઘરે થઈ જતાં ઘરના સભ્યો નયના સાથે ઝગડાઓ કરતા હતા તેવી વાત નયનાએ કરેલી. તા.૧૭–૬–૨૦૧૭ ના રોજ નયનાએ ફોન કરી સૈજપુર ખાતે લેવા બોલાવતા ફરિયાદી પોતાની મોટર સાયકલ લઈ સૈજપુર ગયેલા અને નયના અને તેની દિકરીને મોટર સાયકલ પર બેસાડી તેમના ઘરે લઈ આવેલ અને રાત્રીના ફરિયાદી, નયના અને તેની દિકરી ધારા તેમજ ફરિયાદીના માતા અને ભાઈ દિક્ષિત ઘરે હાજર હતા ત્યારે રાત્રીના પોણા અગિયારેક વાગ્યાના અરસામાં નયનાના ભાઈઓ જયેશ, ઉત્સવ તેની માસી રંજનબેન રાજુભાઈ અને તેનો દિકરો પંકજ, નયનાના ફોઈ રંજનબેન પ્રેમજીભાઈ તથા માસા તુલસીભાઈ રાઠોડ, નયનાના બનેવી નરેશ પરમાર ફરિયાદીના ઘરે આવેલા અને તેઓએ બોલાચાલી કરી ઝગડો કરી છુટા હાથની મારામારી કરેલ જેથી

ચાલીના માણસો ભેગા થઈ જતાં તે લોકો સાથે પણ છુટા હાથના મારામારી કરવા લાગેલ ત્યારે નયનાને ઝગડામાંથી છોડાવવા માટે ચાલીમાં રહેતા ચિરાગ ઝાલા, અક્ષય જાદવ અને સુનીલ ગોહેલ વચ્ચે પડેલ ત્યારે ઉત્સવે કટારથી ચિરાગને શરીરે છાતીમાં ડાબી બાજુ તથા જમણી બાજુ પડખાના ભાગે ઘા મારી દીધેલ તેમજ ઉત્સવે સુનીલભાઈને જમણા પગની જાંઘ ઉપર કટારનો ઘા મારેલ અને અક્ષયને પેટના ભાગે કટારનો ઘા મારી દેતાં ચાલીના માણસો ભેગા થઈ જતાં તે લોકો ત્યાંથી જતા રહેલા અને ચિરાગ અને અક્ષયને ઈજા થયેલ હોય સારવાર માટે સિવિલ હોસ્પી. લઈ ગયેલા અને સુનીલભાઈને શારદાબેન હોસ્પી.માં સારવાર માટે લઈ ગયેલા. ચિરાગ ઝાલાને ગંભીર ઈજા થયેલ હોય સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય ફરિયાદીએ શહેરકોટડા પો.સ્ટે.માં આ બાબતે ફરિયાદ લખાવતાં પોલીસે ફ.ગુ.ર.નં. ૧૨૦/૨૦૧૭ થી ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૨૬ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરી તપાસ કરનાર અધિકારીએ જરૂરી પંચનામા કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ મેડીકલ પુરાવો એકત્ર કરી જરૂરી મુદ્દામાલ કબજે કરી મુદ્દામાલ એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે મોકલી આપવા તજવીજ કરી તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતાં આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ જેને ફો.કે.નં. ૫૮૨૦૩/૨૦૧૭ આપવામાં આવેલ છે જે કેસ ચલાવવાની વિદ્વાન મેટ્રો.મેજી.કોર્ટને સત્તા ન હોય કેસ ચલાવવાની સત્તા

માત્ર અને માત્ર સત્ર અદાલતને હોય સદર કેસ અત્રેની કોર્ટમાં કમીટ થઈ આવતાં તેને સેશન્સ કેસ નં.૫૪૧/૨૦૧૭ આપવામાં આવેલ છે.

(૨) સમંસની બજવણી થતાં આરોપીઓ તેમની વકીલશ્રી સાથે અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે અને આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તપાસના પેપર્સની નકલો વિનામુલ્યે આપેલ છે તેની ખાત્રી કર્યા બાદ મારા પુરોગામી દ્વારા આરોપીઓ વિરૂદ્ધ આંક-૪ થી આક્ષેપિત ગુનાનું તહોમતનામું ફરમાવી આંક-૫ થી આંક-૧૦ સુધી આરોપીઓની પ્લી/જવાબો રેકર્ડે કરતાં આરોપીઓએ ગુનાની નાકબુલાત કરતાં આ કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર પેન્ડીંગ રાખવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષ તરફે ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આંક-૧૬૬ થી વિદ્વાન એપીપીશ્રીએ કલોજીંગ પુરસીસ રજુ કરી પોતે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માગતા નથી તેવી જાહેરાત કર્યા બાદ ફરિયાદપક્ષ તરફે આરોપી વિરૂદ્ધ રજુ થયેલ પુરાવો અને વિરૂદ્ધના સંજોગો અંગે ખુલાસો કરવાની તક આપવાના હેતુથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધતા આરોપીઓએ મહદઅંશે તેમાં પુછેલ પ્રશ્નોની સ્પષ્ટ ઈનકારી કરેલ છે અને આરોપીઓ પોતે કોઈ પુરાવો આપવા માગતા નથી, સાક્ષી તપાસવા માગતા નથી તેમ જણાવી વિશેષમાં આરોપી નં.૧ નાએ તેઓ નિર્દોષ છે અને ખોટી રીતે ફસાવેલ હોવાનું જણાવી તેમની માતા કચરા પોતાં કર છે, ભાઈએ સ્યુસાઈડ કરેલ છે અને પિતા લકવાગ્રસ્ત હોવાનું અને તેઓ એકમાત્ર સહારો હોવાનું જણાવેલ છે, આરોપી નં.૩, ૪,

૫, ૬ નાએ વિશેષમાં તેઓ નિર્દોષ છે અને પોલીસે ખોટી રીતે ફસાવેલ હોવાનું જણાવેલ છે જ્યારે આરોપી નં.૬ નાએ તેમને પોતાને ઈજા પહોંચાડવામાં આવેલ હોવાનું જણાવી લીસ્ટથી પુરાવા રજુ કરેલ છે અને તેઓ પોતે નિર્દોષ છે અને ખોટી રીતે પોલીસે ફસાવેલ હોવાનું જણાવેલ છે.

(૪) ત્યારબાદ આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી એ.એમ.બ્રહ્મભટ્ટ તરફે રજુ કરવામાં આવેલ આંક–૧૬૮ ની લેખિત દલીલ વંચાણે લીધી અને સરકારશ્રી તરફે વિદ્ધાન વકીલશ્રી જી.પી.દવેની રૂબરૂ દલીલો સાંભળી.

– સરકાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષે કેસ સાબીત કરવા માટે આ કામે ૩૪ સાહેદોનો મૌખિક પુરાવો તથા ૩૫ જેટલા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. સદર કામે ફરિયાદીને નયનાબેન સાથે પ્રેમસંબંધ હોય ફરિયાદી નયનાબેન અને તેની દિકરીને પોતાના ઘરે લઈ ગયેલા અને નયનાબેનના કુટુંબીજનો હાલના આરોપીઓને આ સંબંધ મંજુર ન હોય આરોપીઓએ ગેરકાયેદસર મંડળી રચી સમાન ઈરાદો પાર પાડવાના ઉદેશથી મારક હથિયારો સાથે બનાવ તારીખે સમયે ફરિયાદીને ઘરે જઈ ઝગડો બોલાચાલી કરી છુટા હાથની મારામારી કરતા હોય ચાલીના રહીશો પૈકીના સાહેદો છોડાવવા વચ્ચે પડતાં આરોપી ઉત્સવે છોડાવવા વચ્ચે પડનાર ચિરાગ ઝાલાને કટાર વડે ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ કરતાં ચિરાગ ઝાલાનું સારવાર દરમ્યાન મોત નિપજેલ છે. વધુમાં આરોપી ઉત્સવે સાહેદ અક્ષયને પણ કટાર વડે ઈજા પહોંચાડેલ છે અને સાહેદ સુનિલભાઈને પણ કટાર વડે ઈજા પહોંચાયેલી છે અને સહઆરોપીઓએ

ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ છે. વધુમાં બનાવ સમયે હથિયારબંધીનું જાહેરનામુ અમલી હોવા છતાં આરોપીએ મારક હથિયાર ધારણ કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ છે. સદર બનાવમાં ચિરાગભાઈ ઝાલા અવસાન પામેલ હોય તેમનું પી.એમ. કરનાર ડોક્ટર સાહેદનો આંક-૧૪ નો પુરાવો જોતાં મરનારનું મોત ડાબી બાજુ છાતીના ભાગે થયેલ ભોંકાયેલ ઘા ને કારણે આઘાત લાગવાથી અને રક્તસ્ત્રાવ થવાની થયેલ હોવાનો અભિપ્રાય આપેલ છે. આ કામે ફરિયાદી નયનાબેન નામની સ્ત્રીને તેની દિકરી સાથે તેમના ઘરે લઈ આવેલ ત્યારે નયનાબેનના પરિવારજનો હાલના આરોપીઓએ આવી ઝગડો તકરાર કરેલ હોવાની ફરિયાદ આપેલ છે, પરંતુ ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અંદરોઅંદર સમાધાન થઈ જવાને કારણે ફરિયાદીએ કોર્ટ સમક્ષ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી તેમ માનવાને કારણ રહે છે. સદર બનાવમાં ઈજા પામનાર સાહેદ અક્ષયભાઈને સારવાર આપનાર ડોક્ટર સાહેદનો આંક-૧૫૪ નો પુરાવો જોતાં અક્ષયભાઈએ હિસ્ટ્રીમાં ચપ્પા જેવી વસ્તુથી મારેલ હોવાનું જણાવેલ છે અને ડોક્ટરે સાહેદની સારવાર કરી પ્રમાણપત્ર આપેલ છે અને દર્દીને મુદ્દામાલ કટારથી થયેલ ઈજા સંભવી શકે તેમ હોવાનું જણાવેલ છે. ઈજા પામનાર સાહેદ અક્ષયભાઈએ આંક-૮૮ ની જુબાનીમાં ફરિયાદી છોકરી ભગાડી લાવેલ હોય છોકરીના રીલેટીવે આવી ઝગડો કરેલ હોવાનું જણાવેલ છે અને તેમને છાતીના ભાગે કટારથી ઈજા થયેલ હોવાનું જણાવેલ છે. આમ ફરિયાદીએ ફરિયાદ હકીકતને સમર્થન આપેલ નથી, પરંતુ રેકર્ડ

ઉપર આવેલ સાંયોગિક પુરાવો ધ્યાને લેતાં તેનાથી આરોપીઓ વિરૂદ્ધનું તહોમત પુરવાર થતું હોય મુખ્ય સાહેદોએ ઘરમેળે સમાધાન થઈ જવાને કારણે કોર્ટ રૂબરૂ પુરાવો આપેલ ન હોવા માત્રથી ફરિયાદવાળો બનાવ બનેલ નથી તેમ માની શકાય નહીં તે સંજોગોમાં રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાથી આરોપીઓ વિરૂદ્ધનું તહોમત પુરવાર થતું હોય આરોપીઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવી કાયદામાં ફરમાવેલ સખતમાં સખત સજા કરવા વિનંતી કરેલ છે.

(૫) આરોપીઓ તરફે આંક–૧૬૮ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ સબળ અને મજબુત પુરાવો રજુ કરી પુરવાર કરવો જોઈએ, જો રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો અસ્પષ્ટ અને શંકા ઉપજાવે તેવો હોય તો તેના ઉપર આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી તકસીરવાર ઠરાવી શકાય નહીં. ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર સાહેદો પૈકી કોઈપણ સાહેદે ફરિયાદપક્ષને સમર્થન આપેલ નથી. બનાવની ફરિયાદ આપનાર ફરિયાદી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને બનાવમાં ઈજા પામનાર સાહેદ અક્ષયભાઈ જાદવ હોસ્ટાઈલ જાહેર છે. વધુમાં બનાવમાં મરણ જનારના પિતા સાહેદ દિનેશસિંહ ઝાલાએ પણ ફરિયાદપક્ષને સમર્થન આપેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે રજુ થયેલ સાંયોગિક પુરાવાની કડીબદ્ધતા જળવાઈ રહેતી ન હોય અને રજુ પુરાવો સબળ અને મજબુત ન હોય આરોપીઓને આવા પુરાવા આધારે ગુના સાથે સાંકળી શકાય નહીં. ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ મોટા

ભાગના સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન મળી રહે તેવો કોર્ટ રૂબરૂ પુરાવો આપેલ નથી. એફ.એસ.એલ.ના પુરાવાથી પણ ફરિયાદપક્ષને સમર્થન પ્રાપ્ત થતું નથી. મુદ્દામાલ હથિયાર ઉપર મરનારનું લોહી કે આરોપીના ફીંગરપ્રીન્ટ મળી આવેલ નથી. પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થનરૂપ પુરાવો કોર્ટ રૂબરૂ આપેલ નથી અને પંચનામા ફરિયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ નથી. સમગ્ર હકીકતે ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર રજુ સમગ્ર પુરાવા આધારે કેસ શંકાથી પર રીતે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૬) આ કેસના ન્યાયિક નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરનાર ચિરાગભાઈ દિનેશસિંહ ઝાલાનું મૃત્યું તેમને થયેલ ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓને કારણે અકુદરતી રીતે થયેલ છે?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૭–૬–૨૦૧૭ ના રોજ બપોરે બાર વાગ્યાના અરસામાં નયનાબેન પોતાના દિકરી સાથે ફરિયાદી ઘરે આવેલ તે અનુસંધાને આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી સામાન્ય ઈરાદો પાર પાડવાના ઈરાદાથી મારક હથિયાર સાથે ફરિયાદીના ઘર ઉપર આવી બોલાચાલી કરી હુલ્લડ મચાવી હુમલો કરી ઝગડો તકરાર કરતા હોય ચાલીના માણસો પૈકી ચિરાગ ઝાલા ફરિયાદીને છોડાવવા વચ્ચે પડતાં

આરોપીઓ પૈકી આરોપી નં.૧ ઉમેશ ઉર્ફે ઉત્સવે ચિરાગ ઝાલાના કટાર વડે છાતીની બંને બાજુ જીવલેણ ઘા મારતાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજાવી તથા સાહેદ અક્ષય જાદવ અને સુનિલભાઈ છોડાવવા વચ્ચે પડતાં તેમને પણ આરોપીએ શરીરના જુદા જુદા ભાગે કટાર વડે ગંભીર પ્રકારની સ્વેચ્છાપુર્વક ઈજાઓ પહોંચાડી તેમજ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદી સાહેદોને ગડદાપાટુનો માર મારી ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૨૩, ૩૨૬ મુજબનો ગુનો કરેલ છે.

(૩) શું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં આરોપી નં.૧ નાએ કટાર ધારણ કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.....

**<u>– કા ર ણો –</u>**

**<u>મુદ્દા નં.૧ –</u>**

(૮) સદર કામે મુદ્દા નં.૧ ની હકીકત સાબીત કરવા માટે ફરિયાદપક્ષે આંક–૨૨ થી રજુ કરેલ ઈન્કવેસ્ટ પંચનામુ, મરનારનું પી.એમ. કરનાર ડોક્ટર સાહેદનો આંક–૧૪ નો પુરાવો તથા આંક–૯૧ થી રજુ પી.એમ.નોટ ધ્યાને લેતાં મરનારનું મૃત્યું છાતીના ડાબી બાજુ ભોંકાયેલા ઘા વાગવાથી આઘાત લાગવાથી અને રક્તસ્ત્રાવ થવાથી થયેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં મરનારનું મૃત્યું તેમને થયેલ ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓને કારણે થયેલ નથી તેવી આરોપી પક્ષ તરફે કોઈ તકરાર લેવામાં આવેલ નથી જેથી મરનારનું મૃત્યું અકુદરતી રીતે થયેલ હોવાનું આરોપીઓ તરફે પણ ગર્ભિત રીતે સ્વીકાર કરવામાં આવેલ હોવાનું માનવાને કારણ રહે છે જેથી મરનારનું મૃત્યું અકુદરતી થયેલ હોવાનું રેકર્ડ ઉપર લાવવામાં ફરિયાદપક્ષ સફળ થયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ અને ૩ સંયુક્ત ચર્ચા –</u>**

(૯) ફરિયાદપક્ષે મરનારનું મૃત્યું તેમને થયેલ ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓને કારણે થયેલ હોવાનું ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર પુરાવો રજુ કરી પુરવાર કરવામાં આવેલ છે, પરંતુ ફરિયાદપક્ષના કેસ મુજબ ફરિયાદી અને નયનાબેનને પ્રેમસંબંધ હોય ફરિયાદી નયનાબેન અને તેમની દિકરી ધારાને તેમના ઘરે લઈ આવેલ હોય નયનાબેનના પરિવારજનોને આ સંબંધ મંજુર ન હોય તેની અદાવત રાખી બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયેદસર મંડળી રચી સમાન ઈરાદો પાર પાડવા માટે મારક હથિયારો સાથે ફરિયાદીના ઘરે જઈ હુલ્લડ મચાવી ફરિયાદી સાથે ઝગડો

તકરાર મારામારી કરતા હોય ચાલીના માણસો વચ્ચે છોડાવવા પડતાં ચાલીના રહીશો પૈકી ચિરાગભાઈ ઝાલા છોડાવવા વચ્ચે પડતાં આરોપી નં.૧ ઉત્સવ ઉર્ફે ઉમેશ પરમારે કટાર વડે ચિરાગભાઈ ઝાલાને છાતીની બંને બાજુ ગંભીર પ્રકારે જીવલેણ ઈજાઓ પહોંચાડેલ તેમજ સાહેદ અક્ષય જાદવ તથા સુનિલભાઈ છોડાવવા વચ્ચે પડતાં તેમને પણ આરોપીએ કટાર વડે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડેલ હોય સારવાર માટે લઈ જવામાં આવતાં ચિરાગભાઈ ઝાલાનું સારવાર દરમ્યાન મૃત્યું નિપજેલ અને અન્ય આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદી સાહેદોને ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોવા સંબંધેનું તહોમત નિઃશંકપણે રેકર્ડ ઉપર પુરાવો રજુ કરી પુરવાર કરવાનું રહે છે અને જો આ સમગ્ર હકીકત ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર સબળ અને મજબુત પુરાવો રજુ કરી પુરવાર કરે તો આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય અને આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય.

(૧૦) ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનું તહોમત સાબીત કરવા માટે મહત્વના સાક્ષી એવા ફરિયાદી કમલેશભાઈ તીરગરને આંક-૮૫ થી તપાસેલા છે. સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ જણાવેલ છે કે, બે વર્ષ પહેલા નયનાબેને ફોન કરી તેની જોબ છુટી ગયેલ છે અને તેમને અત્યારે જ મળવા માગતા હોવાનું જણાવી નયનાબેન તેના માસી રંજનબેન સાથે ઘરે આવેલ અને ત્યારે સુનિલ કે જે ફરિયાદીના મકાન માલિકનો જમાઈ છે તે દારૂ પીધેલ હાલતમાં આવી આ શું ધંધા માંડ્યા છે અડધી રાતે બૈરા ભેગા કરો છો તેમ કહેતાં ફરિયાદીએ

સંબંધી અને ઓળખીતા હોવાનુ કહેલ ત્યારે સુનિલ પીધેલ હાલતમાં વધુ બોલાચાલી અને ગાળાગાળી કરતો હોય તેઓએ ધક્કો મારતાં સુનિલ વધુ ઉશ્કેરાઈ ગયેલ હોય ફરિયાદીએ નયનાબેન અને તેના માસીને ત્યાંથી જવાનું કહેલું અને તે લોકો જતા હતા ત્યારે સુનિલ પાછળ ગયેલ અને તે બંનેને પણ જેમતેમ બોલી ધક્કા મારતો હોય નયનાબેનની માસીએ સુનિલને ઝાપટ મારતા સુનિલે તીક્ષ્ણ હથિયાર વડે નયનાબેનના માસી રંજનબેનના પેટના ભાગે મારી દીધેલ હોવાનું જણાવેલ છે. રંજનબેનને શારદાબેન હોસ્પી. લઈ ગયેલા જ્યાં પોલીસ આવેલ અને તેઓએ બનાવની જાણ કરેલી જેથી પોલીસ બધાને પો.સ્ટે. લઈ ગયેલ ત્યારે તેઓએ પી.આઈ.ને બનાવની હકીકત જમાવેલ અને પોલીસે લખાણ કરી તેમાં તેમની સહી લીધેલ અને બીજા કોરા પેપર ઉપર સહી લીધેલ હોવાનું જણાવેલ છે. વધુમાં ફરિયાદીએ નયનાબેનના સગા સંબંધીઓને પોલીસ સ્ટેશનમાં અંદર બોલાવતા તેઓએ તે અંગે પુછતાં બબાલમાં અમારા માણસનું મર્ડર થયેલ છે અને સદર ગુનાના કામે તેઓને અટક કરતા હોવાનું જણાવેલ. વધુમાં સાહેદે ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૮૬ થી રજુ કરેલ છે.

(૧૦.૧) ફરિયાદી ફરિયાદ હકીકતનો ઈનકાર કરતા હોય ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછવાલાયક પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં ફરિયાદી પોતાની સરતપાસને વળગી રહેલ છે અને ફરિયાદ હકીકતોનો ઈનકાર કરેલ છે અને આરોપીઓ તરફેની ઉલટતપાસમાં પોલીસે તેમના કયા માણસનું ખુન થયેલ છે તે જણાવેલ નહીં. ચિરાગ શહેરકોટડા પી.આઈ.નું

કામ કરતો હતો તેવી તેમને જાણકારી હતી. તેઓએ પાછળથી ચિરાગભાઈનું ખુન થયાનુ જાણેલું. વધુમાં ફરિયાદીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે રંજનબેનને બનાવ દિવસે જોયેલા અને તેમને સારવાર માટે શારદાબેન હોસ્પી. તેઓ લઈ ગયેલા હોવાનું જણાવેલ છે જેમને પેટના ભાગે ઈજા થયેલ હોવાનું જણાવેલ છે. તેઓ બનાવના દિવસે પરત ઘરે આવ્યા ત્યારે જાણેલું કે ચિરાગનું ખુન થયેલ છે. ચિરાગભાઈના પિતા દિનેશભાઈ આજે પણ શહેરકોટડા પો.સ્ટે.ના તાબા હેઠળના અનિલ સ્ટાર્ચ પોલીસ ચોકીમાં કામ કરતા હોવાનું જણાવેલ છે. સાહેદે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેમના વિસ્તારમાં કોઈ મોટી તકરાર થાય તો તે સુલટાઈ આપવાની કામગીરી મરનાર ચિરાગ અને તેના પિતા દિનેશભાઈ કરતા હોવાનું જણાવેલ છે અને તે કામગીરીને લીધે વિસ્તારના ઘણા લોકો સાથે તેમને મનદુઃખ થતું હોવાનું અને વેરઝેર ઉભા થતા હોવાનું અને તેમની ચાલીના કેટલાક લોકોને ચિરાગ સાથે બનતું ન હોવાનું કબુલ રાખેલ છે.

(૧૦.૨) ફરિયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં તેઓ ફરિયાદથી કંઈક અલગ પ્રકારની હકીકત જણાવેલ છે અને ફરિયાદીના પુરાવામાં નયનાબેનના માસી રંજનબેનને ઈજા થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે જે બાબતે આરોપી રંજનબેન રાજુભાઈને થયેલ ઈજા અંગેના પુરાવા સદર કામે રજુ કરવામાં આવેલ છે. આમ ફરિયાદીના પુરાવા ઉપરથી ફરિયાદપક્ષને લેશમાત્ર સમર્થન મળતું નથી.

(૧૧) ફરિયાદપક્ષે સદર બનાવમાં ઈજા પામનાર સાહેદ અક્ષય નગીનભાઈ જાદવને આંક–૮૮ થી તપાસેલા છે તેમની જુબાની જોતા તેઓએ જણાવેલ છે કે, કમલેશભાઈ કોઈ છોકરીને ભગાડી લાવેલ હોય છોકરીના ત્રણ ચાર રીલેટીવ ત્યાં આવેલ અને તેઓ વચ્ચે ઝગડો થયેલો અને બોલાચાલી થયેલી તેમાંથી કોઈએ હથિયાર કાઢેલ હોય તેની તેમને ખબર નથી અને ત્યાં સ્થળ ઉપર લાઈટ ન હોય શું થયેલ તે તેઓ જોઈ શકેલા નહીં. તેમને છાતીના ભાગે કટારથી ઈજા થયેલી. બનાવમાં સુનિલભાઈ ગોહેલ તેમજ તેમને ઈજા થયેલ અને ચિરાગને ઈજા થયેલ હોવાનું જણાવેલ છે. સાહેદે બનાવ વખતે ઝપાઝપીમાં કોઈએ ઉમેશ માર જેથી ઉમેશે તેની પાસેની કટારથી તેમના પેટમાં ઈજા થયેલી હોય તેવું અને ચિરાગ વચ્ચે પડતાં ઉમેશે કટારથી ચિરાગને છાતીના ભાગે અને પેટના ભાગે ઈજા પોહંચાડેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે.

(૧૧.૧) સદર મહત્વના સાહેદે પણ ફરિયાદપક્ષને સમર્થન મળી રહે તેવો પુરાવો કોર્ટ રૂબરૂ આપેલ નથી જેથી તેમને વિદ્વાન એપીપીશ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષને સમર્થન મળી રહે તેવો કોઈ પુરાવો આપેલ નથી અને આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, તેમને જે ઈજા થયેલ તેની જાણ બનાવ વખતે થયેલ ન હોવાનુ જણાવેલ છે. ચિરાગ અને સુનિલભાઈને જે ઈજા થયેલ તેની પણ તેમને ત્યારે જાણ થયેલ ન હોવાનું સ્વિકારેલ છે.

(૧૧.૨) સદર સાહેદ બનાવમાં ઈજા પામનાર મહત્વના સાહેદ છે અને તેમનો સમગ્ર પુરાવો જોતાં તેઓએ ફરિયાદપક્ષને સમર્થન મળી રહે તેવો કોઈ પુરાવો આપેલ ન હોય તેમના પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૧૨) ફરિયાદપક્ષે મરનારના પિતા સાહેદ દિનેશસિંહ કેસરીસિંહ ઝાલાને આંક-૮૯ થી તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૭-૬-૨૦૧૭ ના રોજ મહાકાળી મંદિરની પાસે ઉભા હતા ત્યારે ચાલીમાં અંદર ઝગડો થતા તેમનો દિકરો ચિરાગ તેના મિત્રનો ફોન આવતાં ઘરની બહાર ગયેલ ત્યારે ઝગડો ચાલુ હોય ચિરાગને ભુલથી ચપ્પુ વાગી ગયેલું જે ચપ્પુ કોણે મારેલ તે તેમને યાદ નથી. બીજો જાદવ કરીને છોકરો હતો તેને પણ વાગેલું હોવાનુ જણાવેલ છે. બનાવ કેવી રીતે અને કોની કોની વચ્ચે બનેલ અને કઈ બાબતે બનેલ તે પાછળથી જાણેલ ન હોવાનુ જણાવેલ છે. તેઓએ એવું સાંભળેલું કે કમલેશભાઈ ચાલીના મકાનમાં કોઈ છોકરીને લઈ આવેલ અને છોકરીના સગાઓ ત્યાં આવેલા અને ત્યાં આગળ માલિકના મકાનમાં મારામારી થતી હતી ત્યાં સાત વ્યક્તિઓ વચ્ચે મારામારી થયેલ તેના નામો તેમને ખબર નથી. તેમનો દિકરો ચિરાગ બનાવવાળા સ્થળે ગયેલ ત્યારે તેને ચપ્પુ વાગેલું, પરંતુ કોણે ચપ્પુ મારેલ તે જાણતા ન હોવાનું જણાવેલ છે.

(૧૨.૧) સદર સાહેદ કે જે મરનારના પિતા છે તેઓએ પણ ફરિયાદપક્ષને સમર્થન મળી રહે તેવો પુરાવો કોર્ટ રૂબરૂ આપેલ નથી જેથી તેમને વિદ્વાન એપીપીશ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ

કરવા છતાં ફરિયાદપક્ષને સમર્થન મળી રહે તેવો કોઈ પુરાવો આપેલ નથી અને આ સાહેદે પોલીસ નિવેદનમાં લખાવેલ તમામ હકીકતોનો ઈનકાર કરી પોતાની સરતપાસને વળગી રહેલ છે. આરોપીઓ તરફેની ઉલટતપાસમાં તેમને બનાવની જાણ થઈ અને તેઓ બનાવ સ્થળે આવ્યા તે પહેલા ચાલીવાળા તેમના દિકરા ચિરાગને દવાખાને લઈ ગયેલ હોવાનું જણાવેલ છે. બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને બનાવ બાબતે ફક્ત વાત જાણેલ હોવાનું કબુલ રાખેલ છે.

(૧૨.૨) સદર સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી તેમ જણાવેલ છે અને તેઓ બનાવ સ્થળે પહોંચ્યા તે પહેલા ચિરાગને દવાખાને લઈ ગયેલ હોવાનુ જણાવેલ છે. સદર સાહેદે સરતપાસમાં બનાવ કેવી રીતે અને કોની કોની વચ્ચે બનેલ અને કઈ બાબતે બનેલ તે પાછળથી જાણેલ ન હોવાનુ જણાવેલ છે ત્યારબાદ તેઓએ એવું સાંભળેલું કે કમલેશભાઈ ચાલીના મકાનમાં કોઈ છોકરીને લઈ આવેલ અને છોકરીના સગાઓ ત્યાં આવેલા અને ત્યાં આગળ માલિકના મકાનમાં મારામારી થતી હતી ત્યાં સાત વ્યક્તિઓ વચ્ચે મારામારી થયેલ તેના નામો તેમને ખબર નથી. સદર સાહેદનું નિવેદન બનાવના એક મહીના પછી લેવામાં આવેલ હોવાનું તેઓએ સ્વિકારેલ છે. આમ સદર મહત્વના સાક્ષીએ ફરિયાદપક્ષને સમર્થન આપેલ નથી. સદર સાહેદની ફરિયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં પણ કોઈ ફળદાયી હકીકત બહાર

આવેલ નથી જેથી સદર સાહેદના સમગ્ર પુરાવો જોતાં આરોપી વિરૂદ્ધ કોઈ પુરતો પુરાવો મળી આવતો નથી.

(૧૩) ફરિયાદપક્ષે ઈન્કવેસ્ટ પંચનામુ પુરવાર કરવા માટે સાહેદ નરેન રજનીકાંત પરમારને આંક–૨૧ થી તથા ચેતન રમેશભાઈ પટણીને આંક–૨૩ થી તપાસેલા છે આ બંને પંચ સાહેદોનો સંયુક્ત રીતે પુરાવો જોવામાં આવે તો સાહેદ નરેનભાઈને તા.૧૮–૬–૨૦૧૭ ના રોજ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદે પંચનામામાં સહી કર્યા સિવાય પંચનામાની હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. જ્યારે સાહેદ ચેતનભાઈએ તા.૧૮–૬–૨૦૧૭ ના રોજ પોલીસ સીવીલ હોસ્પી.માં પી.એમ. રુમ આગળ બોલાવેલ હોવાનું જણાવેલ છે જ્યાં ચિરાગભાઈની લાશ તેઓએ જોયેલ હોવાનું અને પોલીસે કાગળો તૈયાર કરેલ જેમાં તેઓએ સહી કરેલ હોવાનું જણાવેલ છે. ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૨૨ થી રજુ થયેલ છે. સદર સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે, સદર પંચનામુ તેમની હાજરીમાં પોલીસે લખેલું નહીં કે ત્યારે ત્યાં આગળ એકજી. મેજી.શ્રી હાજર ન હતા. આમ સદર બંને ઈન્કવેસ્ટ પંચનામાના સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષે પંચનામુ પુરવાર કરવામાં આવેલ હોવાનું માની શકાય નહીં અને જો દલીલ ખાતર સદર પંચનામુ પુરવાર થયાનું માની લેવામાં આવે તો પણ તેના આધારે આરોપી સીધી રીતે ગુનામાં સંકળાયેલા છે તેવી હકીકત પુરવાર થતી નથી જેથી પંચનામા આધારે આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહીં તેવું અત્રેની અદાલતનું માનવું છે.

(૧૪) ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામુ સાબીત કરવા માટે સાહેદ દિવ્યાંગ સુર્યકાન્ત ગોહેલને આંક–૨૪ થી તથા સાહેદ ચંદ્રકાન્ત રમણલાલ સોલંકીને આંક–૨૭ થી તપાસેલા છે. આ બંને પંચ સાહેદોનો પુરાવો સંયુક્ત રીતે જોવામાં આવે તો સદર બંને સાહેદોએ ગુનાવાળી જગ્યાના પંચનામા અને ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ મુદ્દામાલ આર્ટીકલમાંથી નીકળેલ પંચસ્લીપોમાં પોતાની સહી હોવા સિવાય પંચનામાની સમગ્ર હકીકતોનો ઈનકાર કરેલ છે. ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક–૨૫ થી રજુ થયેલ છે અને મુદ્દામાલમાંથી નીકળેલ પંચસ્લીપો આંક–૨૬ થી રજુ થયેલ છે. સદર બંને સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે વિદ્ધાન એપીપીશ્રી દ્ધારા બંને સાહેદોની વિગતવારની ઉલટતપાસમાં પુછવાલાયક પ્રશ્નો પુછેલ હોવા છતાં પુછેલ પ્રશ્નોની ઈનકારી કરી પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી અને સરતપાસને વળગી રહેલ છે.

(૧૪.૧) સદર બંને પંચ સાહેદોએ આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ઘણા બધા માણસો ઉભા હતા અને પોલીસે એક પછી એક માણસોની તૈયાર કાગળોમાં સહી લીધેલ હોવાનુ જણાવેલ જે પૈકી તેઓએ પણ સહી કરી આપેલ હોવાનું જણાવેલ છે તે સિવાય તેઓ કંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. આમ બંને પંચ સાહેદોની જુબાનીથી ગુનાવાળી જગ્યાનું પંચનામુ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું માનવાને કારણ રહે છે.

(૧૫) ફરિયાદપક્ષે મરનાર ચિરાગભાઈના કપડાં અને બ્લડ મુદ્દામાલ તરીકે કબજે લીધેલ તેના પંચ સાહેદ ઋતુલ પરમારને આંક–૩૧ થી તથા બીજા પંચ

ધવલ તપોધનને આંક–૩૫ થી તપાસેલા છે. આ બંને પંચ સાહેદોનો સંયુક્ત રીતે પુરાવો વંચાણે લેતાં પોલીસે પો.સ્ટે. બોલાવી કપડા બાબતના પંચનામામાં સહી લીધેલ હોવાનું જણાવેલ છે અને બંને સાહેદે પંચનામામાં પોતાની સહી હોવાનું જણાવેલ છે. સદર બંને સાહેદો પૈકી આંક–૩૧ ના સાહેદે તેમની રૂબરૂ કપડાં કબજે કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ કપડાં સિવાય પોલીસે બીજુ કંઈ કબજે લીધાનું બનેલ ન હોવાનું જણાવેલ છે, જ્યારે આંક–૩૫ ના સાહેદે માત્ર કપડાં કબજે લીધાનું જણાવેલ છે પરંતુ બ્લડ કબજે લીધા અંગે કોઈ હકીકત જણાવેલ નથી. ફરિયાદપક્ષ દ્વારા આ બંને સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં વિદ્વાન એપીપીશ્રીએ પુછવા લાયક પ્રશ્નો પુછતાં બંને સાહેદો પૈકી એક સાહેદ મુદ્દામાલ કપડાં અને બ્લડ પંચનામુ કરતી વખતે જોયેલ ન હોવાનું જણાવેલ છે જ્યારે બીજા સાહેદે કપડાં પૈકી અમુક કપડાં જોયેલ ન હોવાનું જ્યારે લોહીની બોટલ જોયેલ હોવાનું જણાવેલ છે.

(૧૫.૧) સદર પંચ સાહેદો કે જે મુદ્દામાલ કપડાં અને બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચ છે તેમનો પુરાવો જોતાં તેઓએ પંચનામાની હકીકતોને સ્પષ્ટ રીતે સમર્થન મળી રહે તેવો પુરાવો આપેલ નથી જેથી આ બંને સાહેદોના પુરાવાથી પંચનામાની હકીકતો પુરવાર કરવા માટે કંઈ ખાસ સમર્થન પ્રાપ્ત થતુ ન હોવાનું માનવાને કારણ રહે છે.

(૧૬) ફરિયાદપક્ષે આરોપીઓના કપડાં કબજે લીધાના પંચ સાહેદ વિશાલ કુચારાને આંક–૩૬ થી તથા સાહેદ વિજય ચીમનભાઈ પટેલને આંક–૪૧ થી

તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં સદર બંને સાહેદોએ શહેરકોટડા પોલીસે કપડાના પંચમાં રહેવા બોલાવેલા પરંતુ કપડા કોના હતા તેનો ખ્યાલ ન હોવાનું જણાવેલ છે. સદર બંને સાહેદોએ પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ તેઓ પો.સ્ટે.માં ગયા ત્યારે આરોપીઓ હાજર હોય અને આરોપીઓએ બનાવના દિવસે પહેરેલા કપડાં અને મોબાઈલ રજુ કરેલ હોય જે પંચનામાની વિગતે કબજે કરેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. આંક–૩૭ થી આરોપીઓના કપડા કબજે લીધાનું પંચનામુ રજુ થયેલ છે. સદર બંને આરોપીઓએ પંચનામામાં એકમાત્ર સહી કર્યા સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન મળી રહે તેવો પુરાવો આપેલ નથી આ બંને પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરેલા છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા લંબાણપુર્વક ઉલટતપાસ કરી પુછવા લાયક પ્રશ્નો પુછવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન મળી રહે તેવી સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને તેઓએ તૈયાર કાગળોમાં સહી કરેલ હોવાનું આરોપીઓ તરફેની ઉલટતપાસમાં સ્વિકારેલ છે જેથી આ બંને સાહેદોની જુબાનીથી આરોપીઓના કપડા/મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ ફરિયાદપક્ષ દ્વારા પુરવાર થતું નથી તેમ સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૭) ફરિયાદપક્ષે આરોપીઓના મેડીકલ નમુના કબજે લીધાના પંચ સાહેદ દર્શન પુનમભાઈ જાદવને આંક–૪૨ થી તથા સાહેદ કેતન ગણપતભાઈ પરમારને આંક– ૪૪ થી તપાસેલા છે. સદર બંને પંચ સાહેદોનો પુરાવો સંયુક્તપણે જોવામાં આવે તો સદર બંને સાહેદોએ તેમની રૂબરૂ હે.કો. દશરથભાઈએ

સિવીલ હોસ્પી.માંથી ડોક્ટરે આપેલ નમુના રજુ કરેલ હોય અને તે પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાનું બનેલ નથી તેમ જણાવેલ છે. સદર સાહેદોએ પંચનામામાં સહી કર્યા સિવાય પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવો પુરાવો આપેલ નથી અને બંને સાહેદ ફરી ગયેલ જાહેર થયેલ હોય વિદ્વાન એપીપીશ્રીએ વિગતવારની ઉલટતપાસ કરવા છતાં બંને પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન મળી રહે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ છે જેથી આ બંને સાહેદોના પુરાવાથી આરોપીઓના કપડાં કબજે લીધાનું પંચનામુ પુરવાર થતું ન હોવાનું ન માનવાને સ્પષ્ટ કારણ રહે છે.

(૧૮) ફરિયાદપક્ષે મુદ્દામાલ ડીસ્કવર કર્યાના પંચ સાહેદ જયેશભાઈ મગનભાઈ સોલંકની આંક–૪૫ થી તથા સાહેદ પ્રવિણભાઈ મફતલાલ પટણીને આંક–૪૮ થી તપાસેલા છે. સદર બંને સાહેદોની જુબાની સંયુક્ત રીતે જોવામાં આવે તો તેઓને તા.૧૯–૬–૨૦૧૭ ના રોજ પોલીસે શહેર કોટડા પો.સ્ટે. બોલાવેલ ત્યાં એક વ્યક્તિને બતાવી તે છરી શોધી બતાવવાનો છે તેમ જણાવી શહેરકોટડાથી અમદુપુરા, વોરાના રોઝા, સીટી ગોલ્ડ સિનેમા ત્યાંથી અરવિંદ મીલથી જમણી બાજુ વળી સ્મશાનગૃહ સામે ખુલ્લા મેદાનમાંતી એક ખાડામાં હતી જેની ફરતે પથ્થરો મુકેલ ત્યાંથી છરી કટાર જેવી હતી તે શોધી બતાવેલ હોવાનું જણાવેલ છે. સદર બંને પંચ સાહેદોએ પંચનામામાં સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક–૪૬ થી રજુ થયેલ છે. બંને પંચ સાહેદોએ મુદ્દામાલ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૧૮.૧) સદર સાહેદોની ઉલટતપાસ વંચાણે લેતાં તેઓ જણાવે છે કે તે વાત ખરી છે કે જે જગ્યાએથી મુદ્દામાલવાળી છરી શોધી બતાવેલી ત્યાં ખુલ્લુ મેદાન હતું અને તે જગ્યા ઉપર કોઈપણ વ્યક્તિ જઈ શકે તેમ હતી. એ વાત ખરી છે કે, આરોપીએ મારી હાજરીમાં કોઈપણ વિગતો જણાવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે મરણ જનાર મિત્ર થતો હોવાથી જે તે વખતે પોલીસ કામગીરીમાં મદદરૂપ થવા ગયેલ હતા.

(૧૮.૨) આમ સદર સાહેદોનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષને મદદરૂપ થતો નથી. સદર બંને સાહેદો પૈકી કોઈ સાહેદે તેઓ પો.સ્ટે. માં ગયેલ ત્યારે હાજર છોકરા કે જેણે છરી શોધી બતાવેલાનું જણાવેલ છે તેનું નામ જણાવેલ નથી અને સદર બંને સાહેદોએ કોર્ટ રૂબરૂ છરી શોધી આપનાર તરીકે આરોપીઓ પૈકી કોઈ આરોપીને ઓળખી પણ બતાવેલ નથી. વધુમાં ડીસ્કવરી પંચનામુ તા.૧૯–૬–૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે અને પંચ સાહેદોને તા.૨૭–૩–૨૦૧૯ ના રોજ તપાસવામાં આવેલ છે એટલે કે પંચનામુ થયાના આશરે પોણા બે વર્ષના સમય બાદ બંને સાહેદોનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે જેથી આટલા સમયગાળામાં છરી શોધી બતાવનાર વ્યક્તિનો ચહેરો બંને સાહેદો ભુલી જાય અને કોર્ટમાં આરોપી હાજર હોવા છતાં તેઓ ઓળખી ન શકે તે બાબત શંકાસ્પદ બની જાય છે જેથી સદર બંને સાહેદોએ મુદ્દામાલ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ હોવા છતાં આરોપીનું નામ અને આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી જેથી આરોપીએ છરી બતાવી હોય અને તે છરી મળી આવી હોય તેવી હકીકત ફરિયાદપક્ષ

નિઃશંકપણે સાબીત કરી શકેલ નથી જેથી કરીને ફરિયાદપક્ષ ડીસ્કવરી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવાને કારણ રહે છે.

(૧૯) ફરિયાદપક્ષે બનાવમાં ઈજા પામનાર સાહેદ અક્ષયભાઈના કપડાં કબજે કર્યાના પંચ સાહેદ હસમુખ અમૃતભાઈ ઉચારાને આંક–૫૦ થી તથા સાહેદ સુમીત પુનમચંદ જાદવને આંક–૫૨ થી તપાસેલા છે આ બંને સાહેદોનો સંયુક્ત રીતે પુરાવો જોતાં આ બંને સાહેદોએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની હકીકતોને સમર્થન મળી રહે તેવો લેશમાત્ર પુરાવો કોર્ટ રૂબરૂ આપેલ નથી. પંચનામુ આંક–૫૧ થી રજુ થયેલ છે. સદર બંને સાહેદોને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિદ્ધાન એપીપીશ્રી દ્ધારા ઉલટતપાસમાં પુછવાલાયક પ્રશ્નો પુછેલ હોવા છતાં પુછેલ પ્રશ્નોની ઈનકારી કરી પોતાની સરતપાસને વળગી રહેલ છે અને તેઓ પો.સ્ટે. ગયેલ ત્યારે ત્યાં ઈજા પામનારે તેમની રૂબરૂમાં કપડાં રજુ કરેલ હોય તે બાબતે પંચનામુ કરવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે ત્યારે આ બંને સાહેદોના પુરાવાથી ઈજા પામનારના કપડા કબજે કર્યા અંગેના પંચનામાને સમર્થન પ્રાપ્ત થતું નથી અને આ બંને સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને કંઈ ખાસ મદદરૂપ થતો ન હોવાનું જણાઈ આવે છે.

(૨૦) ફરિયાદપક્ષે આરોપી રંજનબેન રાજુભાઈના કપડા કબજે લીધાના પંચ સાહેદ વિનોદભાઈ હીરાભાઈ મકવાણાને આંક–૬૩ થી તપાસેલા છે તેઓને પોલીસે કાગળમાં સહી કરવાનું જણાવી વાહન ચેકીંગ બાબતે સહી કરવાનું જણાવતાં સહી કરી આપેલ અને સદર સાહેદે આંક–૬૪ થી રજુ પંચનામામાં પોતાની

પંચ નં.૧ તરીકે સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ નથી. સદર સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને વિદ્વાન એપીપીશ્રીએ વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન મળી રહે તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જયારે બીજા પંચ સાહેદ કાગુસ કાન્તીલાલ પરમારને આંક–૬૬ થી તપાસેલા છે તેમની જુબાની જોતાં તા.૨૫–૬–૨૦૧૭ ના રોજ પોલીસે પંચનામા માટે બોલાવતા શહેરકોટડા પો.સ્ટે. ગયેલ ત્યાં તેમની સાડી બતાવી તેમની હાજરીમાં પોલીસે પેક કરી કાર્યવાહી કરેલી અને તેમાં તેમની સહી લીધેલ હોવાનું જણાવી આંક–૬૪ ના પંચનામામાં સહી ઓળખી બતાવેલ છે. સદર સાહેદે મુ.મા.આ.નં.૩૮ વાળી સાડી જોઈ સદર સાડી તેમની હાજરીમાં કબજે લીધેલ નથી તેમ જણાવેલ છે. બનાવને ઘણો સમય થયેલ હોય સદર સાડીમાં બ્લેક ટપકાં ન હોવાથી સદર સાડી પંચનામાની વિગતે કબજે કરેલ ન હોવાનું તેઓ જણાવે છે ત્યારબાદ સાહેદે મુદ્દામાલ ઓળખી બતાવેલ છે.

(૨૦.૧) સદર સાહેદ ઉલટતપાસમાં જણાવે છે કે, પંચનામાની કાર્યવાહીને બે વર્ષ જેટલો સમય થયો હોય ચોક્કસ તારીખ અને સમય કહી શકે નહીં તેમ જણાવેલ છે ત્યારબાદ કોર્ટ તરફથી સમય બાબતે સદર સાહેદને પુછતાં સાહેદે સાંજના સમયે ગયેલાનું જણાવેલ છે. એ વાત ખરી છે કે પોલીસે આરોપીની નામજોગ ઓળખ કરાવલ નહી, ત્યારબાદ સાહેદે ઓળખ કરાવેલ પણ નામ હાલ યાદ ન હોવાનું જણાવેલ છે. સદર પંચ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન મળી રહે તેવો કોર્ટ રૂબરૂ સ્પષ્ટ

પુરાવો આપેલ નથી અને આ સાહેદનો પુરાવો વિશ્વસનીય પુરાવા ગણી શકાય નહીં.

(૨૧) ફરિયાદપક્ષે હાર્ડડીસ્ક કબજે કર્યાના પંચ સાહેદ હેમંત રમણભાઈ સોલંકીને આંક–૬૮ થી તથા સાહેદ મહેન્દ્ર જીવણભાઈ રાઠોડને આંક –૭૭ થી તપાસવામાં આવેલા છે આ બંને સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે, તેમને સુધાકર પંપ નામની ફેક્ટરી આગળ પોલીસ બોલાવી કોમ્પ્યુટરમાંથી કાળા કલરના બોક્ષ બહાર કાઢી હાર્ડ ડીસ્ક બતાવી તેમની રૂબરૂમાં કબજે કરેલ હોવાનું જણાવેલ છે ડીસ્ક ચોરસ અને સીલ્વર કલરની હોવાનું જણાવેલ છે અને સદર ડીસ્ક સીલબંધ પેક કરી તેમની સહી કરાવામાં આવેલ અને તે અંગેના લખાણ ઉપર તેમની સહી લેવામાં આવેલ જે પંચનામુ આંક–૬૯ થી રજુ થયેલ છે. બંને સાહેદોએ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે.

(૨૨) ફરિયાદપક્ષે ફોટોગ્રાફ કબજે કર્યાના પંચ સાહેદ જયેશ હરચંદજી ઠાકોરને આંક–૭૧ થી તથા બીજા પંચ સાહેદ લાભુજી રમણજી ઠાકોરને આંક–૭૩ થી તપાસેલા છે આ બંને પંચ સાહેદોનો પુરાવો સંયુક્ત રીતે જોવામાં આવે તો બંને સાહેદોએ પંચનામામાં સહી કર્યા સિવાયની પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી. સદર પંચોની હાજરીમાં કોઈ ઈસમે આરોપીના ફોટા રજુ કરેલ હોય અને તે તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. ફોટોગ્રાફ રજુ થયાનું પંચનામુ આંક–૭૨ થી રજુ થયેલ છે. આ બંને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્વાન એપીપીશ્રીએ ઉલટતપાસમાં પુછવાલાયક પ્રશ્નો પુછેલ

હોવા છતાં બંને સાહેદો પોતાની સરતપાસને વળગી રહેલ છે અને પંચનામામાં લખાવેલ સમગ્ર હકીકતોની ઈનકારી કરેલ છે.

(૨૩) ફરિયાદપક્ષે આરોપી રંજનબેન પરમારના બ્લડ સેમ્પલ કબજે લીધાના પંચ સાહેદ રાજેશભાઈ બબાભાઈ પરમારને આંક–૭૪ થી અને બીજા પંચ સાહેદ દિલીપ ખેંગારભાઈ રાઠોડને આંક–૭૬ થી તપાસવામાં આવેલા છે આ બંને પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં આ બંને સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને પંચનામામાં સહી કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈનકાર કરેલ છે. બ્લડ સેમ્પલ કબજે લીધાનું પંચનામુ આંક–૭૫ થી રજુ થયેલ છે. આ બંને સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને આ સાહેદોની જુબાનીથી આરોપીનું બ્લડ સેમ્પલ કબજે લીધાનું પંચનામુ પુરવાર થતું નથી.

(૨૪) ફરિયાદપક્ષે આરોપી સુનિલ અને અક્ષયભાઈના બ્લડ સેમ્પલ કબજે લીધાના પંચ સાહેદ હિરેન મહેન્દ્રભાઈ પરમારને આંક–૭૮ થી તપાસેલા છે આ સાહેદ પંનામામાં સહી કર્યા સિવાય પંચનામાની હકીકતનો ઈનકાર કરેલ છે પંચનામુ આંક–૭૯ થી રજુ થયેલ છે. સદર પંચનામાના બીજા પંચ સાહેદ મનોજ ગોવિંદભાઈ પટણીને આંક–૮૦ થી તપાસેલા છે સદર સાહેદે તા.૫–૭–૨૦૧૭ ના રોજ પોલીસે શહેરકોટડા પો.સ્ટે.માં બ્લડ સેમ્પલ કબજે લીધા તે અંગેનું પંચનામુ કરી તેમની સહી લીધેલ હોવાનું જણાવી આંક–૭૯ ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર સાહેદે ત્યાં સુનિલભાઈ અને અક્ષયભાઈ હાજર હોય તેવું જોયેલ ન હોવાનું ઉલટતપાસમાં સ્વિકારેલ છે

અને તેઓએ ચિરાગભાઈના કેસમાં પંચનામુ કરેલ છે તેમ જણાવી પોલીસે સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ હોવાનું સ્વિકારેલ છે.

(૨૫) ફરિયાદપક્ષે સાહેદ નં.૩૧ ડો.હેતલ ચિનુભાઈ પટેલ કે જેઓ ઈજા પામનાર અક્ષયભાઈને સારવાર આપના મેડીકલ ઓફિસર છે તેમને તપાસેલા છે તેઓની જુબાની જોતાં દર્દી અક્ષયભાઈને થયેલ ઈજાનું વર્ણન કરી દર્દીને અંદરનાર દર્દી તરીકે દાખલ કરી તા.૧૯–૬–૨૦૧૭ ના રોજ રજા આપવામાં આવેલ હોવાનું જણાવી આંક–૧૨૯ ના સારવાર સર્ટીમાં તેમના હસ્તાક્ષરમાં હોવાનું જણાવેલ છે. સાહેદે મુ.મા.આ.નં.૩૩ જોઈ સદર કટારથી દર્દીને થયેલ ઈજા સંભવી શકે તેમ હોવાનું જણાવેલ છે. સદર સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કોઈ વ્યક્તિ તીક્ષ્ણ ભાલા જેવા અણીવાળા દરવાજા કે રેલીંગને ઓળંગવા જાય અને વાગી જાય તો આવા પ્રકારની ઈજા થઈ શકે અને જે ઈજા હતી તે ઉપરછલ્લી હતી તેમ જણાવેલ છે.

(૨૬) સદર કામની ફરિયાદ લેનાર પોલીસ અધિકારી રાકેશ સરદારસિંહ ડામોરને આંક–૧૧૧ થી ફરિયાદપક્ષે તપાસેલા છે તેમની જુબાની જોતાં સાહેદ જણાવે છે કે, ૨૦૧૫ માં શહેર કોટડા પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે તા.૧૬–૭–૧૭ ના રોજ ઈન્વે. ફરજ પર હતા અને કલ્યાણ પોલીસ ચોકીનો ચાર્જ હોય રાત્રના બનાવની જાણ થતાં બીજા પોલીસ કર્મીઓ સાથે સીવીલ હોસ્પી. જતાં ચિરાગ દિનેશભાઈ ઝાલાને ઝગડો થયેલ અને મારામારીમાં મરણ ગયેલ હોય ઈન્કવેસ્ટ પંચનામુ શ્રી ચૌધરીએ ભરી સાહેદને ફરિયાદ લેવા કહેતા તેઓએ ફરિયાદીની ફરિયાદ જણાવ્યા મુજબ નોંધી

લીધેલી, સદર સાહેદની જુબાની દરમ્યાન આંક–૧૧૨ થી ચાર્જ અમલદારનો રીપોર્ટ રજુ થયેલ છે.

(૨૬.૧) સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં જણાવે છે કે, એ વાત ખરી છે કે ફરિયાદના અંતે ફરિયાદીની સહી નથી અને રૂબરૂપણામાં તેમની સહી નથી. વધુમાં સાહેદે ઉલટતપાસમાં તેમે રંજનબેન રાજુભાઈ પરમારને ચપ્પુ વાગેલ હોવાનું જાણ થયેલ ન હોવાનું જણાવેલ છે.

(૨૭) ફરિયાદપક્ષે તપાસ કરનાર અધિકારી સતિષકુમાર મણીલાલ ચૌધરીને આંક–૧૨૨ થી તપાસેલા છે તેમની જુબાની જોતાં તેઓ જણાવે છે કે, તા.૧૮–૬–૨૦૧૭ ના રોજ શહેરકોટડા પો.સ્ટે.માં સી.પી.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે ગુનાની તપાસ સંભાળી મરણ ગયેલ ચિરાગ દિનેશ ઝાલાનું સિવીલ હોસ્પી. ખાતે ઈન્કવેસ્ટ પંચનામુ કરી બનાવના આજુબાજુના સાહેદોના નિવેદન મેળવી બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી એફ.એસ.એલ.અધિકારી રૂબરૂમાં કરી મુદ્દામાલ કબજે કરી આરોપીઓની ધરપકડ કરી આરોપીઓના બનાવ સમયેના કપડા કબજે કરી લોહીના નમુના ડોક્ટર મારફત લેવડાવી કબજે કરી આરોપી ઉમેશ ઉર્ફે ઉત્સવે હથિયાર શોધી બતાવતાં પંચનામાની વિગતે કબજે કરી મરણજનારના કપડા અને લોહીનો નમુનો કબજે કરી આ કામે ઈજાગ્રસ્ત સુનીલ અને અક્ષયના લોહીના નમુના મેળવી અને સાહેદ અક્ષયના બનાવ સમયના કપડા પંચનામાની વિગતે કબજે કરી બનાવવાળી જગ્યાએ સુધાકર પંપ ફેક્ટરીના સીસીટીવી કેમેરાનું સી.પી.યુ. પંચનામાની વિગતે કબજે કરી આરોપી ઉમેશ ઉર્ફે ઉત્સવના ફોટોગ્રાસ પંચનામાની વિગતે

કબજે કરી કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે મોકલી આપી આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા આધારે ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં સાહેદે મુ.મા.આ.નં.૩૩ વાળું હથિયાર આરોપી નં.૧ ઉમેશ ઉર્ફે ઉત્સવ પાસેથી કબજે કરેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદની જુબાનીમાં આંક–૧૨૩ એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પર બોલાવવા માટે લખેલ પત્ર, આંક–૧૨૪ એફ.એસ.એલ. અધિકારીના અહેવાલ પત્ર, આંક–૧૨૫ એફ.એસ.એલ. રવાનગી પત્ર, આંક–૧૨૬ પહોંચ, આંક–૧૨૭ રવાનગી પત્ર, આંક–૧૨૮ મુદ્દામાલ મળ્યાની પહોંચ, આંક–૧૨૯ અક્ષય જાદવનું મેડીકલ પ્રમાણપત્ર, આંક–૧૩૦ સુનીલ ગોહીલનું ઈન્જરી પ્રમાણપત્ર, આંક–૧૩૧ ફોરવડીંગ લેટર, આંક–૧૩૨ મુદ્દામાલ પૃથ્થકરણના અહેવાલ, આંક–૧૩૩ ડીવીડી સાથેના એફ.એસ.એલ. કચેરીનો અહેવાલ રજુ થયેલ છે.

(૨૭.૧) સદર સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મરણ જનાર ચિરાગભાઈ અને બંને ઈજા પામનાર સાહેદો આરોપીઓને પહેલાથી ઓળખતા હતા તેવો ફરિયાદપક્ષનો કેસ નથી. એ વાત ખરી છે કે હાલના કેસમાં ઓળખપરેડ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યાએ એક કરતા વધુ જગ્યાએ લોહીની હાજરી જોવા મળેલી. એ વાત ખરી છે કે, હાલના કેસમાં કોઈ ડી.એન.એ. રીપોર્ટ કરાવા કાર્યવાહી કરેલ નથી. વધુમાં સાહેદે ઉલટપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, સામ્યતા ધરાવતી વ્યક્તિ એટલે મળતી ભળતી વ્યક્તિ, રંગે રૂપે અને કદ કાઠીએ

મળતી ભળતી વ્યક્તિ હોય તો સામ્યતા ધરાવતી વ્યક્તિ કહી શકાય તેમ જણાવેલ છે. વધુમાં સાહેદ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે આંક–૧૫૧ માં બે જગ્યાએ ચપ્પુ વાગવાથી હોસ્પીટલમાં દાખલ કરેલાનો ઉલ્લેખ છે અને મરણ જનારને આંક–૨૨ મુજબ શરીર ઉપર ચપ્પાના બે ઘા વાગેલાનો ઉલ્લેખ છે. પી.એમ.માં ત્રણ ઘા દર્શાવેલ છે અને ઈન્કવેસ્ટ પંચનામામાં બે ઘા દર્શાવેલા છે. વધુમાં સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આંક–૧૩૭ માં બનાવનો સમય તા.૧૭–૬–૨૦૧૭ ના રાત્રીના દસ વાગ્યાની આસપાસ બનેલાનું વર્ધીમાં જણાવેલ છે જ્યારે આંક–૧૧૩ એફ.આઈ.આર. માં ગુનો બન્યાની તા.૧૭–૬–૨૦૧૭ અને સમય ૨૨–૪૫ કલાક દર્શાવેલ છે.

(૨૮) ફરિયાદપક્ષે સાહેદ રશ્મીકાંત બાબુલાલ મજમુદાર સાયન્ટીફ ઓફિસરને આં–૧૫૬ થી તપાસેલા છે તેમની જુબાની જોતાં તેઓ જણાવે છે કે, તા.૧૮–૬–૨૦૧૭ ના રોજ ટેલીફોનીક મેસેજ દ્વારા શહેરકોટડા પો.સ્ટે.ના આ કામના ગુનાની જાણ કરતાં તેઓ પરીક્ષણ કીટ લઈ કાંતીલાલ કાપડીયાની ચાલી,અનિલ સ્ટાર્ચ મિલ સામે, બાપુનગર ગયેલા ત્યાતે ત્યાં ત.ક.અ. ચૌધરીનાએ બનાવ સ્થળે યાદી સોંપી બનાવ સંબંધી સમજ કરેલી. વધુમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ સ્થળે મ.નં.૨૧ આગળના પગથીયાની પુર્વ દિશાએ ભોંયતળીયે બીછાવેલ રફ પથ્થર પર એક ફુટના ઘેરાવામાં રતાશ પડતા ભુખરા રંગના સુકાઈ ગયેલ ડાઘા છુટાછવાયા જોવા મળતાં પ્રાથમિક કસોટી દરમ્યાન રૂધિર હોવાનું પરિણામ માલુમ પડેલ અને દક્ષિણ દિશાએ

૩૬ ફુટના અંતર સુધી આજ પ્રમાણે રતાશ પડતા ભુખરા રંગના સુકાઈ ગયેલા ડાઘા જોવા મળેલા તેજ રીતે પુર્વ દિશા તરફે ૫૬ ફુટ સુધી ડામર રોડ ઉપર છુટા છવાયા રતાશ પડતા ભુખરા રંગના સુકાઈ ગયેલા ડાઘા જોવા મળેલા અને રોડની કિનારીથી વીસ ફુટના અંતરે ડામર રોડના મધ્ય ભાગે રતાશ પડતા ભુખરા રંગના સુકાઈ ગયેલા ડાઘ જોવા મળેલ અને સ્થળ પર રૂધિર અંગેના પ્રાથમિક પરીક્ષણમાં પરિણામ સકારાત્મક મળેલ. પશ્ચિમ દિશા તરફ ૧૮ ફુટના અંતરે છુટાછવાયા રતાશ પડતા ભુખરા રંગના સુકાઈ ગયેલા ડાઘા જોવા મળેલા હતા જેનું રૂધિર અંગેનું પ્રાથમિક પરિક્ષણ કરતાં પરિણામ સકારાત્મક મળેલ. બનાવવાળો રોડ ૧૩ ફુટ પહોળાઈનો હતો જે સ્થળની ઉત્તરે આર.વિઠ્ઠલદાસ એસ્ટેટ અને સુધાકર પંપની ફેક્ટરી આવેલ હતી. સદર ડાઘાથી ૧૬ ફુટ ૩ ઈંચના અંતરે ફેક્ટરીની દિવાલ આવેલ હતી જે દિવાલ પર ટૉરેન્ટ પાવરનું ઈલે.મીટર બોર્ડ જોવા મળેલું. બનાવવાળી જગ્યાએથી ગુના સંબંધી નોંધપાત્ર નમુનાઓ લેવા માટે સુચન કરેલ અને તે મુજબના તેમના અહેવાલમાં ત.ક.અ.ને સુચનો કરેલા હોવાનું જણાવી સાહેદે અહેવાલ સ્થળ પર નિરિક્ષણ અને પરિક્ષણ કરી પોતાના હસ્તાક્ષરમાં તૈયાર કરી સોંપેલ હોવાનુ જણાવેલ છે. સદર સાહેદે સ્થળ પરિક્ષણ રીપોર્ટ આંક-૧૨૪ થી રજુ કરેલ છે.

(૨૮.૧) સદર સાહેદ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, સ્થળ પરિક્ષણવાળા સ્થળે પો.ઈન્. હાજર હોય તેવો કોઈ એન્ડોર્સમેન્ટ સ્થળ પરિક્ષણ અહેવાલમાં કરાવેલ નથી. એ વાત ખરી છે કે સ્થળ પરિક્ષણ અર્થે

ગયા તે પહેલા બનાવવાળી જગ્યાને પોલીસે કોર્ડન કરી સુરક્ષિત કરી હોય તેવો ઉલ્લેખ સ્થળ પરિક્ષણ અહેવાલમાં નથી. એ વાત ખરી છે કે, જુદી જુદી જગ્યાએથી કોટન થ્રેડથી લોહીનુ પરિક્ષણ કરેલું.

(૨૮.૨) સદર કેસમાં ફરિયાદપક્ષ તરફથી આંક –૧૬૫ થી એફ.એસ.એલ. નો રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે જેમાં ગુનાવાળી જગ્યાના કુટેજ કલેક્ટ કરી મોકલવામાં આવેલ હતી જેમાં આરોપીના ફોટો સાથે મેચ કરી રીપોર્ટ આપેલ છે કે, માર્ક–એ/૧૧ ઉમેશ ઉર્ફે ઉત્સવ વિષ્ણુભાઈ પરમારના ચહેરા અને શારીરિક બાંધા સાથે સામ્યતા ધરાવતી વ્યક્તિની હાજરી જોવા મળેલ હતી.

(૨૮.૩) સદર હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફથી સાહેદ ભાવિનકુમાર જેરામભાઈ સતવારાને આંક–૧૬૪ થી તપાસેલા છે તેમની જુબાની જોતાં તેઓ જણાવે છે કે, તેઓ ફોટોગ્રાફર તરીકે જુલાઈ–૨૦૧૦ માં એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ પર હતા અને ૨૦૧૮ થી ઈન્ચાર્જ સાયન્ટીફીક ઓફિસર તરીકે હવાલો સંભાળતા હતા. વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૧૨–૭–૨૦૧૭ ના રોજ કોમ્પ્યુટર ફોરેન્સીક વિભાગ તરફથી બે પાર્સલ પરીક્ષણ અર્થે મળેલ જેમાં પાર્સલ એનેક્ષર–એ જેમાં સોની કંપનીના માર્કાવાળી બે ડીવીડી–આર હતી જે એક્ઝીબીટ–૧ માં કુલ ૧૬ વીડીયો ફાઈલ હતી જેમાં પાર્સલ એ–૧૧ માં ૬ ફોટા ૪ બાય ૬ સાઈઝના ફોટોગ્રાફ હતા જેની પોલીસ રવાનગી નોંધમાં આરોપી ઉમેશ ઉર્ફે ઉત્સવ વિષ્ણુભાઈ પરમાર ના ફોટોગ્રાફ તરીકે વર્ણવેલ હતું જે ફોટોગ્રાફમાંની વ્યક્તિના

વિભાગમાં માર્ક એ ૧૧ તરીકે ઓળખાયેલ. એક્ઝીબીટ–૧ ની વીડીયો ફાઈલોનું પોલીસ રવાનગી નોંધમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન દ્રષ્ટિવિષયક અને વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવેલ જેમાં માર્ક એ ૧૧ ની વ્યક્તિ સાથે સરખી જણાતી વ્યક્તિની પરિક્ષણ અર્થે જરૂરી ફ્રેમો કેપ્ચર કરવામાં આવેલ જેને વિભાગમાં અનુક્રમે માર્ક ક્યુવી–૧ થી ક્યુવી–૬ તરીકે ઓળખાવેલ. માર્ક ક્યુવી–૧ થી ક્યુવી–૬ માંની વ્યક્તિ અને માર્ક એ–૧૧ માંની વ્યક્તિના ચહેરા અને ચહેરાના લાક્ષણિકતાઓ તેમજ શારિરીક બાંધાનું પરીક્ષણ કરવામાં આવેલ. તેમના અભિપ્રાય મુજબ એક્ઝીબીટ–૧ માંની વીડીયો ફાઈલ માં માર્ક–એ ૧૧ (તમો આરોપી ઉમેશ ઉર્ફે ઉત્સવ વિષ્ણુભાઈ પરમાર) ના ચહેરા અને શારિરીક બાંધા સાથે સામ્યતા ધરાવતી વ્યક્તિની હાજરી જોવા મળેલ હતી. વધુમાં સાહેદ જણાવે છે કે, એક્ઝીબીટ–૧ વાળી ડીવીડીઆર કોર્ટના લેપટોપમાં ચાલુ કરી બતાવેલ અને ડીવીડીઆર નં.૨ માં ચેનલ–૬ નંબરની વીડીયો ફાઈલો જોવા મળેલ જેમાં તા.૧૭–૬–૨૦૧૭ સમય ૧૦.૫૯.૩૭ થી બનાવ સંબંધિત વીડીયો જોવા મળેલ જેમાંથી માર્ક એ–૧૧ વ્યક્તિના ચહેરા અને શારિરીક બાંધા સાથે સામ્યતા ધરાવતી વ્યક્તિની હાજરી દેખાતી હોય તેવી ફ્રેમો કેપ્ચર કરવામાં આવેલ બાદ ફ્રેમોમાં દેખાતી વ્યક્તિ અને માર્ક એ–૧૧ ની વ્યક્તિના ચહેરા અને શારિરીક બાંધામાં સામ્યતા જોવા મળેલી. સદર સાહેદે અભિપ્રાય આપેલ છે જે અભિપ્રાય આંક–૧૬૫ થી રજુ કરેલ છે.

(૨૮.૪) સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, હું ફોટોગ્રાફી વિષય સાથે સ્નાતક કે અનુસ્નાતક થયેલ નથી. સ્પેશ્યલ રેકોગ્નીઝેશન સોફ્ટવેર એફ.એસ.એલ. કચેરીમાં માર્ચ–૨૦૨૩ માં આવેલ છે તે પહેલા મને તેની જાણ ન હતી. એ વાત ખરી છે કે, હાલના કેસમાં કોઈ પ્રોબફોટો મારી પાસે આવેલ ન હતો. એ વાત ખરી છે કે, સ્પેશ્યલ ફેસીયલ રેકોગ્નીઝેશન સોફ્ટવેરની મદદથી કંટ્રોલ ફોટોગ્રાફ સાથે સરખાવેથી શકમંદ અથવા અજાણી વ્યક્તિની ઓળખાણ થાય. એ વાત ખરી છે કે મેં ફેસીયલ રેકોગ્નીઝેશન સોફ્ટવેર વિશેનો કોઈ અભ્યાસ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી પાસે ડીવીઆર પૃથ્થકરણ માટે આવેલ મેં કોઈ એનવીઆર કે ડીવાઆરનું કે સીપીયુનું પૃથ્થકરણ કરેલ નહીં. એ વાત ખરી છે કે, હાલના પરિક્ષણમાં કોઈપણ જગ્યાએ મેં હેઝવેલ્યુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે તેજ વ્યક્તિ અને સામ્યતા ધરાવતી વ્યક્તિ વચ્ચે તફાવત છે. એ વાત ખરી છે કે, મેં જે અભિપ્રાય આપેલ છે તે સામ્યતા ધરાવતી વ્યક્તિ માટેનો છે.

(૨૮.૫) સદર સાયન્ટીફીક ઓફિસરનો પુરાવો ધ્યાને લેતાં આરોપી ઉત્સવ ઉર્ફે ઉમેશના રજુ થયેલ ફોટોગ્રાફની આઈડેન્ટી માટે કોઈ ફેસીયલ રેકોગ્નીઝેશન સોફ્ટવેરનો ઉપયોગ થયેલ નથી તેથી સાયન્ટીફીક પધ્ધતિથી આરોપી સ્થળ ઉપર હાજર હતા તેવું પુરવાર થતું નથી. સદર આરોપીની હાજરી બાબતે અન્ય કોઈ મૌખિક પુરાવા દ્વારા સમર્થન મળતું નથી જેથી કરીને સદર સાયન્ટીફીક પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૨૯) ફરિયાદપક્ષે સાહેદ નં.૩૩ ધર્મેન્દ્ર ગોવિંદલાલ શાહ આંક –૧૫૭ ની જુબાનીમાં જણાવે છે કે, ૨૦૧૨ માં કોમ્પ્યુટર ફોરેન્સીક વિભાગમાં સાયન્ટીક ઓફિસર તરીકે ફરજ પર હતા ત્યારે સદર ગુનાના કામે બે સીલબંધ પાર્સલ એ–૧૦ અને એ–૧૧ રવાનગી નોંધ સાથે મળેલા. નમુના–૧ વાળી ડીવીઆરનું અને નમુના એ–૧૦ વાળી હાર્ડડીસ્કનું ફોરેન્સીક પધ્ધતિથી પરીક્ષણ કરતાં તા.૧૭–૬–૨૦૧૭ ના કલાક ૨૨–૪૫ થી ૨૩–૧૦ સુધીના સીસીટીવી વીડીયો ફુટેજ નમુના–૧ ડીવીઆરમાં નમુના એ–૧૦ વાળી હાર્ડડીસ્કમાં હાજર જોવા મળેલ. વધુમાં સાહેદે જણાવેલ છે કે, સીસીટીવી ફુટેજનું એનાલીસીસ કરતાં તે ફુટેજ તા.૧૭–૬–૨૦૧૭ દર્શાવે છે જે તારીખ અને સમય ડીવીઆરમાં જે સમય સેટ કરેલ હોય તે સમય દર્શાવે છે. એનેક્ષર–એ ની એક કોપી અને પાર્સલ એ–૧૧ ને ફોટોગ્રાફી વિભાગમાં વ્યક્તિઓની ઓળખ માટે મોકલેલ અને અહેવાલ તેઓએ જાતે તૈયાર કરેલ જેમાં તેમની સહી અને સિક્કો છે. સદર સાહેદની જુબાનીમાં આંક–૧૫૮ થી એફ.એસ.એલ.નો અહેવાલ અને આંક–૧૫૯ પ્રમાણપત્ર રજુ કરેલ છે. સાહેદને ડીવીઆર કોર્ટના કોમ્પ્યુટરમાં ચાલુ કરી બતાવતા એનેક્ષર–એ ની એક નંબરની સીડીમાં કેમેરા–૧ ની બે ફાઈલો અને કેમેરા–૨ ની બે ફાઈલો અને કેમેરા–૩ ની બે ફાઈલો તેમજ કેમેરા–૪ ની બે ફાઈલો હોવાનું તથા એનેક્ષર–એ ની બીજા નંબરની ડીવીડી ચાલુ કરતાં તેમાં કેમેરા નં.૫ ની બે ફાઈલ અને કેમેરા નં.૬ ની બે ફાઈલ, કેમેરા નં.૭ ની બે ફાઈલ અને કેમેરા નં.૮ ની બે ફાઈલો હોવાનું જણાવેલ છે. સાહેદને એનેક્ષર–એ ની પ્રથમ સીડી

અને એનેક્ષર–એ ની બીજી સીડી કોર્ટ રૂબરૂ ખોલીને બતાવેલ છે અને ફુટેજનું એનાલીસીસ કરતાં કેમેરા નં.૬ ની પહેલી ફાઈલ અને બીજી ફાઈલમાં બનાવ સંબંધીત ઘટના જોવા મળેલ જેથી તે એનેક્ષર–એ ની બંને ડીવીડી ફોટોગ્રાફી પૃથ્થકરણ વિભાગમાં મોકલી આપેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદની જુબાનીમાં આંક–૧૬૦ થી બંને ડીવીડીઆર રજુ થયેલ છે.

(૨૯.૧) સદર સાહેદની ઉલટતપાસ જોતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, જે જગ્યાએ સીસીટીવી કેમેરા લગાડેલ હતા તે જગ્યાએ તે ગયેલ ન હતા. એ વાત ખરી છે કે આ કામે તેઓએ ડીવીઆર અને એનવીઆર ન હોય પૃથ્થકરણ થઈ શકશે નહીં તેવી નોંધ કરેલ છે. એ વાત ખરી છે કે, કેમેરા નં.૬ ની સીસીટીવી ફુટેજ છે તેમાં જે વ્યક્તિ દોડાદોડ કરે છે તેમના કપડાંનો રંગ દેખાય છે. એ વાત ખરી છે કે જે પણ પીક્ચરાઈઝેશન છે તે બ્લર છે. એ વાત ખરી છે કે ફુટેજ સાથે કોઈ પંચનામુ અને ફરિયાદ મળેલ ન હતી. એ વાત ખરી છે કે, હાર્ડડીસ્ક સેપરેટ આવેલ અને પાછળથી ડીવીઆર આવેલું. એ વાત ખરી છે કે, આજરોજ આ સીડી કોર્ટના કોમ્પ્યુટરમાં ચાલેલ નથી. એ વાત ખરી છે કે મેં મારા પૃથ્થકરણ રીપોર્ટમાં અને સંલગ્ન પેપરમાં અને આંક–૧૫૯ માં હેઝવેલ્યુ લખેલ નથી. તે વાત ખરી છે કે મેં મારા અભિપ્રાયમાં સંબંધિત વિડીયો ફુટેજમાં આરોપીને ઓળખી બતાવેલ નથી.

(૨૯.૨) સદર સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં બનાવ સ્થળે આરોપીની હાજરી હોય અને આરોપી પાસેથી ચપ્પુ મળી આવેલ હોય તેવી હકીકત સાબીત થતી નથી. વધુમાં સાયન્ટીફીક પુરાવામાં અપનાવેલ પધ્ધતિ

સાયન્ટીફીક ન હોય તેથી માની શકાય તેમ નથી જેથી કરીને આરોપી સામે કોઈ સાંયોગિક પુરાવાથી પણ કેસ પુરવાર થતો નથી.

(૩૦) બંને પક્ષે મૌખિક દલીલ તેમજ લેખિત દલીલ ધ્યાને લેતાં ફરિયાદી, ઈજા પામનાર સાહેદ તથા મરણ જનાર ચિરાગ ઝાલાના પિતા જે મહત્વના સાહેદો છે તેમણે કોર્ટ રૂબરૂના પુરાવામાં ફરિયાદપક્ષને સમર્થનકારક પુરાવો આપેલ નથી તથા ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ મોટા ભાગના સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન મળી રહે તેવો કોર્ટ રૂબરૂ પુરાવો આપેલ નથી . સાંયોગિક પુરાવા સંબંધે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો જોતાં પણ આરોપીઓને ગુના સાથે સાંકળતો સ્પષ્ટ અને સબળ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. આમ ઉપરોક્ત સમગ્ર ચર્ચાને અંતે સદર કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિશંકપણે રેકર્ડ ઉપર પુરાવો રજુ કરી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવાને સ્પષ્ટ કારણ રહેતું હોય મુદ્દા નં.૨ અને ૩ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -: આ ખ રી હુ ક મ :-

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧)અન્વયે આરોપી નં.(૧)ઉમેશ ઉર્ફે ઉત્સવ વિષ્ણુભાઈ પરમાર, આરોપી નં.(૩) રંજનબેન પ્રેમજીભાઈ કચરાભાઈ પરમાર, આરોપી નં.(૪) પંકજ રાજુભાઈ પરમાર, આરોપી નં.(૫) તુલસીભાઈ કરસનભાઈ રાઠોડ, આરોપી નં.(૬) નરેશભાઈ કાન્તીભાઈ પરમાર તથા આરોપી નં.(૭) રંજનબેન રાજુભાઈ ખેમાભાઈ પરમારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૨૬,

૩૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

– આરોપી નં.૧ જેલમાં હોય બીજા ગુનાના કામે આરોપીની જરૂર ન હોય તો તાત્કાલીક જેલમુક્ત કરવા.

**(૨)** મુદ્દામાલ મોટર સાયકલ, મોપેડ તથા મોબાઈલ ફોન અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે. બાકીનો મુદ્દામાલ બિનકિંમતી હોય તેનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

**(૩)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીઓએ અપીલ સમય માટે રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપવા અથવા આરોપીના હાલના જામીનદારે જામીન તરીકે ચાલુ રહેવા લેખિત પુરસીસ રજુ કરવી.

– આ ચુકાદો આજ **તા.૧૯, સપ્ટેમ્બર, ૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અમદાવાદ

**(જે. એમ. બ્રહ્મભટ્ટ)**
અધિક સત્ર ન્યાયાધિશ,
સિટી સેશન્સ કોર્ટ નં.૭, અમદાવાદ.
Unique ID Code No.GJ00622

bmsharma